# જી.એસ.ટી. દરમાં ઘટાડો, એક્સપોર્ટ બેનિફીટમાં કોઈ રાહત નહી

## સાબરકાંઠાના સીરામીક ઉદ્યોગને બજેટમાં નિરાશા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટથી સાબરત્મ્ર જિલ્લાના સીરામીક ઉદ્યોગને નિરાશા મળી છે. સીરામીક ઉદ્યોગકારો દ્વારા જી.એસ.ટી.ના દરમાં ઘા તેમજ સીરામીક ઉત્પાદનમાં વપરાતા નેચરલ ગેસને જી.એસ.ટી.માં સમાવવા ઉપરાંત એક્સપોર્ટ બેનિફીટમાં રાહત આપવાની માંગ કરવામાં આવી હતી પરંતુ રજૂ થયેલા બજેટમાં તેને ક્યાંય સ્થાન મળ્યું ન હોવાથી બજેટથી કોઈ ફાયદો થયો ન હોવાની લાગણી ઉદ્ભવી છે.

વર્ષ-૨૨૨૩ના બજેટમાં મધ્યમ વર્ગ અને નાના ઉદ્યોગોને ફાયદો થવાની મોટી આશા રાખવામાં આવી હતી પરંતુ મહદઅંશે રાખવામાં આવેલી અપેક્ષાઓ ઉપર પાણી ફરી વળ્યું છે. ખાસ કરીને મોંઘવારીથી ત્રસ્ત ગરીબમધ્યમ પરિવારોને મોંઘવારી પાડવા બાબતે બજેટમાં પગલાં લેવામાં આવશે તેવી આશા હતી. પરંતુ મોંઘવારી તો ઠીક પરંતુ કેરોના કાળમાં માંડ પાટે ચઢેલા ઉદ્યોગોને પણ બહુ મોટો ફાયદો થઈ શક્યો નથી. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી સીરામીક વાઈલ્સના ઉત્પાદનમાં જરુરી કાચા મટીરીયલ્સના ભાવમાં વધારો, ઈલેક્ટ્રીક બીલ, નેચરલ ગેસ સહિતમાં થયેલા વધારાથી ઉદ્યોગકારોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. જેથી જિલ્લામાં કાર્યરત ૨૦થી વધુ નાના-મોટ સીરામીક ઉદ્યોગકારોએ સરાર પાસે જી.એસ.ટીના દરમાં ઘટાડો કરવાની તેમજ સીરામીક ઉદ્યોગમાં વપરાતા નેચરલ ગેસનો સમાવેશ જી.એસ.ટી.માં કરવાની માંગ કરી હતી. જ્યારે જિલ્લામાં ઉત્પાદીત સીરામીક પ્રોડકસને વિદેશમાં એક્સપોર્ટ કરવાની પ્રક્રીયામાં પણ રાઈત આપવા માટે માંગ કરી હતી પરંતુ રજૂ થયેલા બજેટમાં સીરામીક ઉદ્યોગની એકપણ માંગ સ્વીકારાઈ નથી જેથી જિલ્લાના સીરામીક ઉદ્યોગ માટે બજેટ નિરાશાજનક બની રહ્યું છે. છેલ્લા કેટલાય સમયથીસીરામીક ઉદ્યોગ કેરોનાાળમાં મંદીનો સામનો કરી રહ્યો છે અને ઘરઆંગણે ઉત્પાદન મોંઘુ થયું હોવાથી કેટલાક ઉદ્યોગોને સરકાર દ્વારા રાહત આપવામાં નહીં આવે તો આગામી સમયમાં તાળાં મારવાં પડે તેવી સ્થિતિ જોવા મળી રહી હોવા છતાં સીરામીક ઉદ્યોગકારોની માંગણી બજેટમાં સ્વીકારાઈ ન હોવાની હૈયાવરાળ બહાર આવી છે.





### બજેટમાં મોટી આશા હતી - સીરામીક એસોસીએશન પ્રમુખ

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ થયેલા બજેટમાં સીરામીક ઉદ્યોગોની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. સાબરકાંધ્ય જિલ્લા સીરામીક એસોસીએશન પ્રમુખ મરીભાઈ પટેલે જણાવ્યું કે ઉદ્યોગકારોને બજેટમાં મોટી આશા હતી જેમાં જી.એસ.ટી. દરમાં ઘટાડો, નેચરલ ગેસને જી.એસ.ટી.માં સમાવવો તેમજ એક્સપોર્ટ બેનીફીટમાં કાયદો થાય તેવા પગલાંની આશા હતી પરંતુ બજેટમાં તેનો કોઈ ફાયદો થયો નથી.

---

### એરપોર્ટ ઉપર મનઘડત નિયમો બતાવી આર.ટી.પી.સી.આર.ટેસ્ટ

# માલપુરના યુવક પાસેથી અમદાવાદ એરપોર્ટ ઉપર ટેસ્ટના ૨૭૦૦ ખંખેર્યા

### ૪૮ કલાક પહેલાં માન્ય લેબમાં રિપોર્ટ કરાવ્યો છતાં જડ વલણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

કેનેડા જવા માટે અમદાવાદ એરપોર્ટ પર પહોંચેલા માલપુરના યુવક પાસે ૪૮ ક્લાક પહેલાંનો આર.ટી.પી.સી.આર. ટેસ્ટ રિપોર્ટ હોવા છતાં મનઘડત નિયમો બતાવી ફરજીયાત ટેસ્ટ કરાવી ૨૭૦૦ ખંખેર્યાની ફરિયાદ સામે આવી છે અને આ અંગે એરપોર્ટ ઓથોરીટીને યુવક અને તેના પરિવાર દ્વારા ફરિયાદ કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લીના માલપુરના ધ્રુવિલ પ્રફુલચંદ્ર ત્રિવેદી કેનેડા જવાનું હોવાથી આઈ.સી.એમ.આર, માન્ય લેબોરેટરીમાં રુ. ૪૦૦ આપીને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાવ્યો હતો તેઓ તા.૨૯ા રોજ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા હતા અને ફરજ પરના અધિકારીને તેમનો આર.ટી.પી.સી.આર. રિપોર્ટ બતાવ્યો હોવા છતાં આ રિપોર્ટ નહીં ચાલે તમારે એરપોર્ટ પર આવેલા નોર્થસ્ટાર પેથોલોજી લેબનો રિપોર્ટ કરાવવી પડશે તેવી ફરજ પાડતાં વિદેશ જતા વિદ્યાર્થીએ ૨૭૦૦ ભરીને આર,ટી,પી,સી,આર, રિપોર્ટ કરાવવાની નોબત આવી હતી. એક તરફ સરકાર અને તેના આરોગ્ય વિભાગ દ્વારા માન્યતા પ્રાપ્ત લેબોરેટરીનો આર.ટી.પી.સી.આર, રિપોર્ટ માન્ય હોવાનું જણાવી રહી છે અને અમદાવાદ એરપોર્ટ ઉપર નિયમોનું ઉલ્લંઘન કરી વિદેશ જતા વિદ્યાર્થીઓ સહિત નાગરિકોને મોંઘાદાટ રિપોર્ટ કરાવી પજવણી થતી હોવાનું બહાર આવ્યું છે.

### રિપોર્ટ અંગે રંજાડ-મુખ્ય મંત્રી, સાંસદને રજૂઆત થઈ

માલપુરના પ્રફુલચંદ્ર ત્રિવેદીએ જણાવ્યું કે ૪૮ ક્લાક પહેલાંનો આઈ.સી.એમ.આર. માન્ય લેબનો આર.ટી.પી.સી,આર, રિપોર્ટ એરપોર્ટ ઉપર પણ માન્ય હોય છે છતાં કેનેડા જતા મારા પુત્ર પાસે નોર્ટસ્ટાર લેબ દ્વારા આર.ટી.પી.સી.આર. રિપોર્ટ કરાવી ૨૭૦૦ ખંખેરી લેવામાં આવ્યા છે. અન્ય વિદેશ જતા વિદ્યાર્થીઓ પરેશાની ન ભોગવે તે માટે રાજ્યના મુખ્ય મંત્રી તેમજ રાજ્ય સભાના સાંસદને રિપોર્ટ અંગે થતી રંજાડ અંગે રજૂઆત ક્યનું જણાવ્યું છે.

---

### અહો આશ્ચર્યમ્

# રેલવે વિભાગે નવા જ બગીચામાં સાધનો પર કોઈ ન ચડે એટલે તાળું મારી કાંટા મૂકી દીધા





પાલનપુર તા. ૪

તાજેતરમાં રેલવેના જનરલ મેનેજર આલોક કંસલએ ખુલ્લા મુકેલા પાલનપુર રેલ્વે સ્ટેશન સામેના બગીચા રેલવેએ અચાનક જ બંધ કરી દીધા છે. અધૂરામાં પૂરું તંત્રે ક્રૂરતા એવી દર્શાવી છેકે બાળકો રમતગમતના સાધનો પર ન ચઢે એ માટે કાંટાવાળા ઝાડની ડાળીઓ પણ મૂકી દેવાઈ હતી. અહીં જુદા જુદા ૨ બગીચા પર આ સ્થિતિ છે. જેમાં એક બાળક્રીડાગણ અને જિમ છે જેની પર આ વિચિત્ર સ્થિતિ સર્જાતા સ્થાનિક લોકોમાં છૂપો અસંતોષ જોવા મળી રહ્યો છે.

---

### ભુમાફિયાઓએ ભૂસ્તરવિભાગની જાસૂસીના માર્ગે

# સેસન્સ કોર્ટમાં ફરિયાદ બાદ એએસપીની તપાસ

### વ્હોટ્સએપ ગ્રુપ બનાવી ભૂસ્તર શાખાના તમામ સ્ટાફની વહેલી સવારથી જાસૂસી

પાલનપુર તા. ૪

ગુજરાત માં ઘણા લાંબા સમયથી રેતી અને ખનીજ ની ચોરીની ઘટનાઓ છાશવારે બહાર આવતી રહી છે્ ત્યારે તાજેતરમાં ઉત્તર ગુજરાતના સરહદી જિલ્લા બનાસકાંઠામાં રેતી પથ્થર સહિતના વ્યવસાયમાં સંકળાયેલા કેટલાક ભુમાફિયાઓએ ભૂસ્તરવિભાગના સ્ટાફની વ્હોટ્સએપ દ્વારા જાસૂસી કરાતા ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોશીએ પાલનપુર સેસન્સ કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે બાદ એએસપીને તપાસ સોંપાતા શંકાસ્પદ આરોપીઓના મોબાઈલ જપ્ત કરી કૉલ ડિટેલ ખંગાળવાની કવાયત હાથ ધરાઈ છે. જુદા જુદા વ્હોટ્સએપ ગ્રુપ બનાવી ભૂસ્તર શાખાના તમામ સ્ટાફની વહેલી સવારથી રાતના ૧૧ વાગ્યા સુધી નજર રખાતી હતી, હવે નેટવર્ક સાથે ઝોડાયેલા ભુમાફિયાઓનું મોટું કૌભાંડ બહાર આવે તેવી શકયતા ભૂસ્તર વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં થઈ રહી છે. પાલનપુરના એરોમા સર્કલ પાસે સુભાસ જોષી તપાસમાં હતા તે દરમીયાન ટ્રક ચાલક રોયલ્ટી પાસ વિના ઝડપાયા બાદ તે કયા ખનીજ ચોરોના સંપર્કમાં છે તે અંગેની તપાસ માટે મોબાઈલની તપાસ કરતાં વોટ્સએપ ગ્રુપો બનાવી સરકારી અધીકારીઓ અને કર્મચારીઓની રેકી કરતા હોવાનુ બહાર આવ્યું હતું. રોયલ્ટી પાસ વિના ખનન સહિતના ગુન્હા બદલ વાહન માલીક /ચાલક પાસેથી રૂ.૨.૪૩ લાખનો દંડ કરાયો હતો. રાજય સરકાર તરફથી ભૂસ્તર વિભાગને જીજે ૦૮ જીએ ૧૦૦૧ બોલેરો વાહન ફાળવાયુ છે જેના નામથી પણ વોટસએપ ગુપ બનાવાયુ છે. ભૂસ્તર વિભાગના કર્મચારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે' કેટલાક ભૂમાફિયાઓ દ્વારા અમે ઘરમાંથી બહાર નીકળીએ ત્યાંરથી લઈ રાત્રે અમારા ઘરની લાઈટ બંધ ન થાય ત્યાં સુધીનું પળેપળનું અપડેટ ખનીજ ચોરો રાખતા હોય છે. આજ સુધી માત્ર બનાસકાંઠા જિલ્લાની નથી પરંતુ સમગ્ર ગુજરાતમાં આ જ મોડસ ઓપરેન્ડીથી ખનીજ ચોરીનું સમગ્ર નેટવર્ક વોટ્સઅપના માધ્યમથી ગોઠવાયેલુ છે. 'બનાસકાંઠા જિલ્લા પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે ' કોર્ટમાં થયેલી ફરિયાદ બાદ તપાસ એએસપી શુશીલ અગ્રવાલને સોંપવામાં આવી છે. તેઓની ટીમે સાંયોગિક પુરાવા મેળવવા માટે સાયબર ક્રાઈમ માં એક્સપર્ટ કર્મીઓને સાથે રાખી ટેકનીકલ સપોર્ટ ટીમના સહકારથી તમામ બારીકીઓ ચકાસવામાં આવી રહી છે. ભૂસ્તર વિભાગને સાથે રાખીને જ્યાંથી ખનન પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે ત્યાં માપણી સહિતની કામગીરી હાથ ધરવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. મામલો સંવેદનશીલ હોઈ સમગ્ર તપાસ અત્યંત ગુપ્ત રીતે થઈ રહી છે.

#### વ્હોટ્સએપ ગ્રુપના નામ

હા જુના ડીસાની મોજ હા
જીજે-૦૮ બનાસકાંઠા
શિવકૃપા ડીસા ધાનેરા થરાદ
૧૦૦૧ના મેસેજ ગ્રુપ
જય ચામુંડા
ખનીજ માફીયા
૧૦૦૧ પાલનપુર માફીયા કીંગ
જય ગોગા

#### કોની સામે ફરિયાદ?

મુકેશભાઈ રવાજી વાઢણીયા (રહે . જેગોલ તા. દાંતીવાડા)
મહેશભાઈ વાલાભાઈ ભાટી (રહે .રસાણા તા. ડીસા)

#### વોટસએપ ગ્રુપોના એડ્મીનો

ઠાકોર તેજમલ,મી. ઠાકોર સા., ઠાકોર ભરત, સરવણજી ઠાકોર શણાવ, વર્માંરામ ખાંટ, માધુસિંગ, ગૌરક્ષક ભમરાભાઈ, સુરેશભાઈ, મુકેશસિંગ રાજપુત, વિષ્ણુજી ઠાકોર, અમરસિંહ દરબાર, વિષ્ણુજી ઠાકોર,દિનેશભાઈ , હાફીઝ પરસાણી , પરસાણી સલમાન અને ટીનાભાઈ સહિત તપાસમાં જે બહાર આવે તે.

---

# ખેડબ્રહ્મામાં ઘરેથી બજાર જવા નિકળેલી પરણિત મહિલા ગુમ

### પત્નીને શોધવા પતિની પોલીસને અરજ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ખેડબ્રહ્માની નગરપાલિકા સામે રહેતા વૈષ્ણવ પરિવારની પરણિત મહિલા ઘરેથી બજારમાં જવાનું જ્હી રવાના થયા પછી ગુમ થઈ જતાં પરિવાર ચિંતિત બન્યો છે. ગુમ થનાર પત્નિની શોધ કરવા છતાં કોઈ પત્તો ન મળતાં આખરે પતિએ પત્નિને શોધવા માટે પોલીસમાં અરજી આપી છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે જાણવા જોગ નોંધ લીધી છે.

ખેડબામાના લલીતકુમાર કાનદાસ વૈષ્ણવ મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવી રહ્યા છે. નગરપાલિકા સામે તેમના ઘરેથી તા.૨૦ના રોજ પત્નિ લત્તાબેન બજારમાં જવાનું કહી નિકળ્યાં હતાં દરમ્યાન મોડી સાંજ સુધી પરત ન આવતાં પરિવારે શોધખોળ કરી હતી પરંતુ ગુમ થનારનો કોઈ પત્તો મળ્યો ન હતો, બજારમાંથી મહિલા જાતે ગુમ થઈ છે કે પછી કોઈએ તેનું અપહરણ કર્યું છે ?? વગેરે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે. સગીસબંધીઓને ત્યાં પતિએ ગુમ થનારની તપાસ કરી હોવા છતાં કોઈ અત્તીપત્તો મળ્યો નથી જેથી આખરે લલીતકુમાર વૈષ્ણવે પત્નિ ગુમ થવા અંગે પોલીસને જાણ કરી છે.

---

# ડીસા કોલેજમાં કર્તવ્ય બોધ દિવસ કાર્યક્રમનું આયોજન




ડીસા, તા. ૪

ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસામાં હેમ.ઉ.ગુજરાત વિશ્વ વિદ્યાલય શૈક્ષીક સંઘ આયોજિત કર્તવ્ય બોધ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.કર્તવ્ય પાલન એજ ધર્મ પાલન આ ભાવ થકી જ રાષ્ટ્રનો, ધર્મનો અને સંસ્કૃતિનો ધ્વજ વિશ્વમાં લહેરાશે. આ ઉદેશ્ય અને 'રાષ્ટ્ર કે હિતમે શિક્ષા, શિક્ષા કે હિતમે શિક્ષક, શિક્ષક કે હિતમે સમાજ' સ્લોગનને ધ્યાનમા રાખી આ કર્તવ્ય બોધ પ્રોગ્રામનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ પ્રોગ્રામના અધ્યક્ષ પ્રિન્સિપાલ ડૉ. દીનેશકુમાર ચારણ. મુખ્ય વકતા, ચિરાગભાઈ સોની, મુખ્ય મહેમાન સી.એસ. પટેલ અને પ્રિન્સિપાલ રાજુભાઇ રબારી અને એચ. યુ .જી. વી. વી. એસ.ના મંત્રી ડૉ. આર.ડી ચૌધરી હાજર રહેલ. આ પ્રોગ્રામનું આયોજન કોલેજના પ્રોફસર જીગ્નેશભાઈ વરવાડિયા, કે.એમ પટેલ, પ્રો.ગણાવા ,કે.ડી પટેલ અને ભરતભાઈ પટેલે કર્યું હતું.

---

### પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ દ્વારા

# પરિવાર કલ્યાણ નિધિ યોજના અંતર્ગત મૃતકના પરિવારજને ચેક અર્પણ કરાયો

### મૃતકના પરિવારને ચેક અર્પણ કર્યો : મંડળના મંત્રી સહિત કારોબારી સભ્યો દ્વારા ઘરે જઇને ચેક અર્પણ કર્યો



પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ દ્વારા આયોજીત પરિવાર કલ્યાણ નિધી યોજના અંતર્ગત મંડળ ના સભ્યનુ અવસાન થતા તેમના પરિવારજને શ્રધ્ધાંજલી સાથે ચેક અર્પણ કરવામા આવ્યો હતો

પ્રાંતિજ શહેર મા કાર્યરત સિનિયર સીટીઝન મંડળ દ્વારા તાજેતરમા મંડળના સભ્ય નવનીતલાલ ચુનીલાલ મોદીનુ ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થતા આ મંડળ આયોજીત પરિવાર કલ્યાણ નિધિ યોજના અંતર્ગત મૃતક ના ધરે જઈને પરિવારજનોને રૂપિયા ૧૧,૦૦૦નો ચેક અર્પણ કરવામા આવ્યો હતો પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ ના શર્મિષ્ઠાબેન ખમાર, ધનજીભાઇ પટેલ, કસ્બાતી ભાઇ ધનશ્યામ ભાઇ મોદી સહિત કારોબારી સભ્યો ઉપસ્થિત રહીને મૃતક ના પરિવારજનોને સાંત્વના આપીને યોજનામા જોડાયેલા સભ્ય ના પરિવારને શોક ઠરાવ સાથે રૂપિયા-૧૧ હજાર ના ચેકો આપવામા આવ્યો હતો

---

## જન્મદિને વધામણી



રાજેન્દ્રકુમાર પી રાવલ
શાંતિકુંજ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



કનુભાઈ પટેલ
નાયબ મામલતદાર
ડાભા તા. બાયડ



પંકજ દેવચંદભાઈ પરમાર
બાયડ જીલ્લો અરવલ્લી



સુરેશભાઈ ત્રિવેદી
પૂર્વ સંગઠન ઉપપ્રમુખ,
સાબરકાંઠા જિલ્લા ભાજપ
મોડાસા જિલ્લો અરવલ્લી




કીના બેન અનિલભાઈ પટેલ
ચોરીવાડ તા.ઇડર

## રક્તદાન મહાદાન

### તત્ત્વ ઈજનેરી કોલેજ મોડાસાનું ગૌરવ

મોડાસા, તા. ૪

તત્વ ઈજનેરી કોલેજ, મોડાસા ના મીકેનીકલ ડીપાર્ટમેન્ટ માં 'માસ્ટર ડિગ્રી' કરતા પટેલ રોનક કુમાર વસંતભાઈ એ એડવાન્સ મેન્યુફેક્ચરિંગ સિસ્ટમમાં ૭૮.૮૦ ટકા સાથે 'ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી' (GTU) માં પ્રથમ સ્થાન હાંસલ કરી ૧૧માં પદવીદાન સમારંભમાં



ગોલ્ડ મેડલ મેળવેલ છે. જે વિદ્યાર્થી અને તત્વ કોલેજ માટે ગૌરવની વાત છે. તેની ભવિષ્યની વ્યવસાયિક કારકિર્દીમાં ઉત્તરો ઉત્તર પ્રગતિ થાય તે માટે સંસ્થાના વડા શ્રી પ્રોફેસર જયદત્તસિંહ પુવાર અને પ્રિન્સિપાલ શ્રી ડો. કિરણ દરજી એ શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા.